# C. U. SHAH UNIVERSITY

(Established under Gujarat Private Universities (Amendment) Act 18 to 2013)

Sponsored By : WARDHMAN BHARTI TRUST A Center of Exellence for Multi Disciplinary Research, Innovation and Culture.


ક્રમાંક : સીયુ/એડીએમ/૦૨/337/૨૦૨૧ તા. ૧૮/૦૩/૨૦૨૧

પરિપત્ર

<u>વિષય</u> : COVID-19 સંબધિત આવશ્યક સુચનાઓનું પાલન કરવા બાબત.

<u>સંદર્ભ</u> : આ યુનિવર્સિટીના પરિપત્ર ક્રમાંક CU/ADM/02/0043/2020 Dt. 05/09/2020

આ યુનિવર્સિટી તથા તેની સંલગ્ન સંસ્થાઓના સ્ટાફ સભ્યશ્રીઓ, કોન્ટ્રાકટર દ્વારા રોકવામાં આવેલ કામદારો તથા વિધાર્થીઓને જણાવવાનું કે સરકારશ્રી દ્વારા તથા આ યુનિવર્સિટીના સંદર્ભદર્શિત પરિપત્ર અન્વયે કોવિડ–૧૯ ના અનુસંધાને વખતોવખત જાહેર કરવામાં આવેલ સુચનાઓનું તથા નીચે દર્શાવેલ સુચાનાઓનું કડક પાલન કરવા આથી જણાવવામાં આવે છે.

૧. દરેક કર્મચારી / વિધાર્થી / કામદારે ફરજ દરમ્યાન માસ્ક પહેરવાનું અને સોશીયલ ડિસ્ટન્શીગનું પાલન કરવાનું ફરજીયાત રહેશે.

૨. જો સ્ટાફ સભ્યોની મીટીગ કરવી જરૂરી જણાય તેવા સંજોગોમાં ઓનલાઈન મીટીગ કરવાની રહેશે.

૩. પ્રત્યેક સ્ટાફ સભ્યશ્રી / વિધાર્થી / કામદારે પોતાના સ્વાસ્થ્ય સંબધિત ગંભીરતાપૂર્વક કાળજી લેવાની રહેશે.

૪. જો કોઈ સ્ટાફ સભ્ય / વિધાર્થી / કામદારને તબીયત યોગ્ય ન જણાય તેવા સંજોગોમાં તાત્કાલીક ડોકટરની સલાહ મેળવી તેમની સુચનાઓનું ગંભિરતાપૂર્વક પાલન કરવાનું રહેશે.

૫. દરેક સ્ટાફ સભ્યશ્રી / વિધાર્થી તથા કામદારે તેમના મોબાઈલમાં આરોગ્ય સેતુ એપ ડાઉનલોડ કરી તેનો ઉપયોગ કરવાનો રહેશે અને મોબઈલનું બ્લુટુથ તથા લોકેશન ફરજીયાત ચાલુ રાખવાનું રહેશે.

૬. દરેક કર્મચારી, વિધાર્થી, કામદારે તથા બહારથી આવનાર વ્યકિતએ કેમ્પસમાં આવવાના સમયે અને જવાના સમયે કોલેજના મુખ્ય પ્રવેશદ્વાર પાસે ઉપસ્થિત કર્મચારી પાંસે ટેમ્પ્રેચર મપાવી, સેનેટાઈઝ કરાવી, રજીસ્ટરમાં નોંધ અવશ્ય કરાવવાની રહેશે.

૭. કોલેજ કેમ્પસમાં પાન–મસાલા, ગુટખા, તમ્બાકુ, બીડી, સીગારેટ યુનિવર્સીટી / સંસ્થામાં લઈને આવવાની / ખાવાની સખત મનાઈ આથી ફરમાવવામાં આવે છે. આમ છતાં જો કોઈ સ્ટાફ સભ્ય, કામદાર તથા વિધાર્થી દ્વારા આ સુચનાનો ભંગ કરવામાં આવશે તો તે કૃત્ય ગુન્હાપાત્ર ગણાશે.

૮. દરેક કર્મચારી, વિધાર્થી તથા કામદારે પ્રત્યેક કલાકે પોતના હાથને સેનેટાઈઝ અથવા સાબુથી ધોવાના રહેશે.



Surendranagar - Ahmedabad State Highway, Nr. Kothariya Village, Wadhwan City - 363 030. Dist. : Surendranagar, GUJARAT State (INDIA)
Ph. : 02752 - 247711-12-13, 247451, Fax : 02752 - 247712, Email : registrar@cushahuniversity.org Web : www.cushahuniversity.ac.in

૯. જો કોઈ સ્ટાફ સભ્ય, કામદાર તથા વિદ્યાર્થી COVID-19 નો ટેસ્ટ કરાવતા ટેસ્ટ રીપોર્ટ Postive આવે તો સંબધિત કમીટીને તાત્કાલીક જણાવાનું રહેશે.

ઉપર દર્શાવેલ સુચનાઓ ઉપરાંત સરકારશ્રી દ્વારા / યુનિવર્સિટી દ્વારા વખતોવખત આપવામાં આવે તે તમામ સુચનાઓનું કડક પાલન કરવાનું રહેશે.

પ્રોવોસ્ટ
સી. યુ. શાહ યુનિવર્સિટી

પ્રતિ,

૧. આ યુનિવર્સિટીના તમામ વિભાગોના હેડ તથા સંલગ્ન સંસ્થાઓના આચાર્યશ્રીઓ તરફ નકલ જાણ તથા તમામ સ્ટાફ સભ્યોને તથા વિદ્યાર્થીઓને આ સુચનાઓનું પાલન કરવાની સુચના આપવા સારું

૨. સીક્યુરીટી તથા સફાઈ કામદારોના કોન્ટ્રાકટરશ્રી તરફ નકલ જાણ તથા તમામ સભ્યોને આ સુચનાઓનું પાલન કરવાની સુચના આપવા સારું



Surendranagar - Ahmedabad State Highway, Nr. Kothariya Village, Wadhwan City - 363 030. Dist. : Surendranagar, GUJARAT State (INDIA)
Ph. : 02752 - 247711-12-13, 247451, Fax : 02752 - 247712, Email : registrar@cushahuniversity.org Web : www.cushahuniversity.ac.in